બાપુની સાર્ધ શતાબ્દિના પ્રારંભે શત્ શત્ પ્રણામ....

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૦૩ | ૨ ઓક્ટોબર, ૨૦૧૮, મંગળવાર; ભાદરવા વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦





પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટરીયા- ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com


## IL&FS કંપની સરકાર હસ્તક

**સત્યમ બાદ પ્રથમ વખત પ્રાઇવેટ કંપની પર સરકારનો કબજો : : નવું બોર્ડ રચાયું : ૮મીએ નવા છ સભ્યોના બોર્ડની બેઠક યોજાશે : માત્ર આઈએલએન્ડએફએસ પર ૧૬૫૦૦ કરોડનું દેવું : સાથી કંપનીઓ સાથે મળી દેવું ૯૧૦૦૦ કરોડ**



નવી દિલ્હી,તા. ૧

વ્યાજની રકમ નહીં ચુકવવાની સ્થિતિના પરિણામ સ્વરુપે ચર્ચામાં રહેલી સંકટગ્રસ્ત કંપની ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિઝિંગ એન્ડ ફાઈનાન્સિયલ સર્વિસ લિમિટેડના મેનેજમેન્ટ ઉપર સરકારે કબજો કરી લીધો છે. રાષ્ટ્રીય કંપની કાયદા અથવા તો નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ દ્વારા આજે જણાવવામાં આવ્યું હતું કે, સત્યમ કોમ્પ્યુટર બાદ પ્રથમ વખત પ્રાઈવેટ કંપની પર હવે સરકારનો કબજો થઈ ગયો છે. આઈએલએન્ડએફએસ માટે નવા બોર્ડની રચના કરવામાં આવી છે. બોર્ડની બેઠક અને છ સભ્યો ૮મી ઓક્ટોબર પહેલા મળશે જેમાં અન્ય પાસાઓ ઉપર ચર્ચા કરવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા મંજુરી આપી દેવામાં આવી છે. સરકાર તરફથી કોર્પોરેટ મામલાના મંત્રાલય દ્વારા એનસીએલટીમાં આની અરજી કરી હતી. હવે સરકાર આઈએલએન્ડએફએસના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં છ સભ્યોની નિમણૂંક કરશે. નવા બોર્ડમાં કોટક

● અનુસંધાન પાન-૭ પર

### બેંગ્લુરુ એર શો-માં રાફેલ વિમાન ભાગ નહીં લે

વાયુસેનાના ઉપપ્રમુખ એર માર્શલ આરકે, સિંહ ભદોરિયાએ કહ્યું હતું કે, વિવાદાસ્પદ રાફેલ ફાઈટર જેટ્સ ફેબ્રુઆરીમાં થનારા બેંગલુરુએર શોમાં ઉડાન ભરવા માટે હજી તૈયાર નથી. તેમણે વધુમાં કહ્યું હતું કે, "ભારત માટે નવા રાફેલ ફેબ્રુઆરી સુધીમાં તૈયાર નહીં થાય. અમે આશા રાખીએ છીએ કે ફેબ્રુઆરી-૧૯ દરમિયાન થનારા એર ઈન્ડિયા શોમાં ઉડાન ભરશે.

## હાલ પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટવાના કોઈ એંધાણ નથી

**તેલ કિંમતમાં હાહાકાર હાલ શાંત ન થાય તેવા સાફ સંકેતો : પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ફરી વધારો : પેટ્રોલ કિંમતમાં ૨૪ પૈસા તેમજ ડીઝલની કિંમતમાં ૩૨ પૈસાનો વધારો : મુંબઇમાં પેટ્રોલ કિંમત ૯૧થી પણ ઉપર**

નવી દિલ્હી,તા. ૧

તેલની કિંમતોમાં જારી હાહાકાર હાલમાં જારી રહે તેવા સંકેત દેખાઇ રહ્યા છે. હાહાકાર શાંત નહીં થાય તેવા સંકેતના કારણે સામાન્ય લોકોની ચિંતામાં વધારો થયો છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ભાવ વધારો જારી રહ્યો છે. આજે પેટ્રોલની કિંમતમાં ૨૪ પૈસા અને ડીઝલની કિંમતમાં ૩૨ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. આની સાથે જ દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૮૩.૭૩ રૂપિયા પ્રતિ લીટર થઈ ગઈ હતી. જ્યારે મુંબઈમાં તો પેટ્રોલની કિંમત હવે લીટરદીઠ ૯૧.૦૮ સુધી ઉપર પહોંચી

● અનુસંધાન પાન-૭ પર

## એલપીજી સિલિન્ડરમાં ભાવ ઘટાડાની શક્યતા

**મિથેનોલ મિક્સ કરીને એલપીજી વેચવા માટેની સરકારે તૈયારી કરી : એલપીજી સબસિડીમાં નજીકના ભવિષ્યમાં ૩૦ ટકા સુધીનો ઘટાડો કરવાની તૈયારી : કોલસાથી મિથેનોલના ઉત્પાદન ઉપર વધુ ભાર મુકવા તખ્તો ગોઠવાયો**

નવી દિલ્હી,તા. ૧

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને ટૂંકમાં જ રાહત મળી શકે છે. પ્રાપ્ત માહિતી મુજબ સરકાર એલપીજીમાં લોકોને મોટી રાહત આપી શકે છે. એલપીજી સબસિડીમાં નજીકના ભવિષ્યમાં ૩૦ ટકાનો ઘટાડો કરવાના પ્રયાસમાં સરકાર રહેલી છે. આના ભાગરુપે મિથેનોલ ભેળવીને એલપીજી રજૂ કરવામાં આવશે. આમ કરવાના પરિણામ સ્વરુપે એલપીજીના એક સિલિન્ડર પર ૧૦૦ રૂપિયાની રાહત મળી શકે છે. એટલે કે એલપીજી સિલિન્ડર ૧૦૦ રૂપિયા સુધી સસ્તું થઈ શકે છે. સરકાર આ દરમિયાન કોલસાથી મિથેનનુ ઉત્પાદન કરવા પર પણ ભાર મુકી રહી છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯ના બજેટમાં અંદાજ મુકવામાં આવ્યો હતો કે એલપીજી સબસિડી ૨૦૦૦૦ કરોડથી વધારેની રહેશે. સરકારે મિથેન ઉત્પાદન માટે કેટલીક ખાસ કોલસા ખાણની ફાળવણી કરી છે. આ પહેલા નીતિ આયોગે દેશ માટે એક મિથેનોલ ઈકોનોમી માટે રોડમેપ રજૂ કરીને કેટલીક નવી બાબતોનો ખુલાસો કર્યો હતો. જેમાં ઓટોમોટિવ અને હાઉસહોલ્ડ સેક્ટર બંને પર ભાર મુકવામાં આવ્યો હતો. આનો મુખ્ય હેતુ ભારતના વધતા તેલ આયાત બિલને ઘટાડી દેવાનો રહ્યો છે. એક સિનિયર અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે નીતિ આયોગની દેખરેખ હેઠળ આ પાયલોટ પ્રોજેક્ટ હેઠળ ૨૦ ટકા મિથેનોલને એલપીજીમાં મિક્સ કરવામાં આવનાર છે. અન્ય દેશોમાં પણ આવુ કરવામાં આવે છે. આ સંબંધમાં નિર્ણય હાલમાં જ નીતિ આયોગ અને કેન્દ્રય પ્રધાન નીતિન ગડકરીની વચ્ચે થયેલી બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો. હાલમાં તમામ એલપીજી ગ્રાહકોને માર્કેટ કિંમત પર તેને ખરીદવા માટેની ફરજ પડે છે. જો કે સરકાર પ્રતિ પરિવારને દર વર્ષે

● અનુસંધાન પાન-૭ પર

## ચીફ જસ્ટીસ દિપક મિશ્રા આજે નિવૃત્ત : મહત્વના ચુકાદા આપ્યા

**છેલ્લા દિવસે કોર્ટ કાર્યવાહી દરમિયાન ભાવનાશીલ બન્યા**



નવી દિલ્હી, તા. ૧

ચીફ જસ્ટિસ દિપક મિશ્રાએ સોમવારના દિવસે અંતિમ વખત સુનાવણી હાથ ધરી હતી. આવતીકાલે ચીફ જસ્ટિસ નિવૃત્ત થઇ રહ્યા છે. તેમની સાથે જસ્ટિસ રંજન ગોગોઈ પણ હતા જે હવે ચીફ જસ્ટિસ મિશ્રા બાદ આ હોદ્દા ઉપર જવાબદારી સંભાળશે. જ્યારે એક વકીલે એક ગીત મારફતે તેમના લાંબા જીવનની પ્રાર્થના કરી ત્યારે ચીફ જસ્ટિસે તેમને રોકીને કહ્યું હતું કે, હાલમાં તેઓ દિલથી વાત કરી રહ્યા છે પરંતુ સાંજે દિમાગથી જવાબ આપશે. છેલ્લા ૧૦ દિવસના ગાળામાં ચીફ જસ્ટિસ દિપક મિશ્રાએ એક પછી એક ઐતિહાસિક નિર્ણયોમાં મુખ્ય ભૂમિકા ભજવી છે જેમાં આધાર કાર્ડ, સજાતિય સંબંધો, લગ્ન બાદના સંબંધોને મંજુરી અને સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશનો સમાવેશ થાય છે. આ તમામ મહત્વપૂર્ણ નિર્ણયોમાં સુનાવણી કરનાર પીઠનું નેતૃત્વ કરનાર ચીફ જસ્ટિસ મિશ્રા ૨૫ મિનિટ સુધી ચાલેલી કોર્ટની કાર્યવાહી દરમિયાન ભાવનાશીલ બની ગયા હતા. કાર્યવાહીના અંતમાં જ્યારે એક વકીલે તુમ જીઓ હજારો સાલ ગીત શરૂ કરી દેતા ચીફ જસ્ટિસે તેમને રોકી દીધા હતા. જસ્ટિસ ગોગોઈ ત્રીજી ઓક્ટોબરના દિવસે તેમની જગ્યા લેશે. દેશના મુખ્ય ન્યાયાધિશ તરીકે શપથ લેશે. જસ્ટિસ ગોગોઇ અને જસ્ટિસ ખાનવીલકર પણ પીઠના હિસ્સા તરીકે રહ્યા હતા. સોમવારના દિવસે તાત્કાલિક સુનાવણીમાં કોઇ મામલા લેવામાં આવ્યા ન હતા. હાલમાં જ એક પછી એક મહત્વપૂર્ણ નિર્ણયો કરવામાં આવ્યા છે. ચીફ જસ્ટિસ દિપક મિશ્રાને ૧૭મી જાન્યુઆરી ૧૯૯૬ના દિવસે ઓરિસ્સા હાઈકોર્ટના વધારાના જજ નિમવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમની મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં બદલી કરી દેવામાં આવી હતી. ૧૯મી ડિસેમ્બર ૧૯૯૭ના દિવસે સ્થાયી ન્યાયાધીશ બન્યા હતા. ૨૩મી ડિસેમ્બર ૨૦૦૯ના દિવસે પટણા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની જવાબદારી સંભાળી હતી.

## નિરવ મોદીની પાંચ દેશોમાં ૬૩૭ કરોડની સંપત્તિ જપ્ત

**પીએનબી કૌભાંડના આરોપી નિરવ પર સકંજો : ન્યુયોર્કમાં નિરવ મોદીની ૨૧૬ કરોડ રૂપિયાની બે સંપત્તિ જપ્ત કરાઈ :મુંબઈમાં ૨૭૮ કરોડના પાંચ ખાતાઓ જપ્ત**

નવી દિલ્હી, તા. ૧

પંજાબ નેશનલ બેંકમાં દેશના સૌથી મોટા બેંકિંગ કૌભાંડને અંજામ આપનાર મુખ્ય આરોપી નિરવ મોદીની સામે ભારત સહિત પાંચ દેશોમાં મોટા પગલા લેવામાં આવ્યા છે. નિરવ મોદી અને તેમના પરિવારની ૬૩૭ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી ચુકી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ઈડીએ માહિતી આપતા કહ્યું છે કે, પ્રોપર્ટી, જ્વેલરી, ફ્લેટ અને બેંક બેલેન્સને ભારત, બ્રિટન, અમેરિકા સહિત અન્ય દેશોમાં જપ્ત કરવામાં આવ્યા છે. આવા ખુબ ઓછા મામલા છે જેમાં ભારતીય સંસ્થાઓ દ્વારા વિદેશમાં પણ અપરાધિક મામલામાં સંપત્તિ જપ્ત કરવામાં આવી ચુકી છે. પ્રવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ઈડીએ ન્યુયોર્કમાં નિરવ મોદીની ૨૧૬ કરોડ રૂપિયાની બે સંપત્તિ જપ્ત કરી છે. એજન્સીના એક વરિષ્ઠ અધિકારીએ



● અનુસંધાન પાન-૭ પર

## એસબીઆઈની એટીએમમાં રોકડ ઉપાડની મર્યાદા ૨૦,૦૦૦ કરાઈ

**૪૦૦૦૦ રૂપિયાની તેની ઉપાડ મર્યાદા ઘટાડી ૨૦૦૦૦ કરાઈ : ૩૧મી ઓક્ટોબરથી નવી ઉપાડ મર્યાદા અમલી**

નવી દિલ્હી, તા. ૧

દેશની સૌથી મોટી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ એટીએમ રોકડ ઉપાડને દરરોજની મર્યાદામાં ઘટાડો કરી દીધો છે. એસબીઆઈના ગ્રાહક ૩૧મી ઓક્ટોબરથી એક દિવસમાં મહત્તમ ૨૦૦૦૦ રૂપિયાની રોકડ રકમ જ એટીએમમાંથી ઉપાડી શકશે. હાલમાં આ મર્યાદા ૪૦૦૦૦ રૂપિયાની રહેલી છે. એસબીઆઈએ બ્રાંચોમાં મોકલેલા પોતાના આદેશમાં કહ્યું છે કે, એટીએમ ટ્રાન્ઝિક્શનમાં છેતરપિંડીની વધતી જતી ફરિયાદોને ધ્યાનમાં લઈને તથા ડિજિટલ કેશલેસ ટ્રાન્ઝિક્શનને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી રોકડ ઉપાડ મર્યાદાને ઘટાડવાનો નિર્ણય કર્યો છે. ક્લાસિક અને મેસ્ટ્રો પ્લેટફોર્મ ઉપર જવાની સ્થિતિમાં ડેબિટ કાર્ડથી ઉપાડને ઘટાડી દેવામાં આવ્યો છે. રોકડ ઉપાડ મર્યાદામાં ઘટાડો તહેવારની સિઝનથી પહેલા કરવામાં આવ્યો છે.

સરકાર દ્વારા ડિજિટલ ટ્રાન્ઝિક્શન ઉપર ભાર મુકવામાં આવી રહ્યો છે. છતાં પણ રોકડની માંગ હજુ પણ વધારે બનેલી છે. અંદાજ મુજબ બજારમાં રોકડ ફ્લો નોટબંધીથી પહેલાના સ્તર ઉપર પહોંચી ચુક્યો છે. કેશ ફ્લોની સ્થિતિ અકબંધ રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં એવું જાણવા મળ્યું છે કે, કાર્ડના ક્લોન બનાવનાર છેતરપિંડી કરનાર લોકો સામાન્ય બેંક કસ્ટમરોના ડેબિટ કાર્ડના પીન ચોરીથી મુકવામાં આવેલા કેમેરા અને ઈલેક્ટ્રોનિક ડિવાઈસીસથી જાણી લે છે. નવા નિયમોથી ગ્રાહકોને થનાર અસુવિધાના સંદર્ભમાં પુછવામાં આવતા એસબીઆઈના મેનેજિંગ ડિરેક્ટર પીકે ગુપ્તાએ કહ્યું છે કે, અમારો આંતરિક મુલ્યાંકન દર્શાવે છે કે, એટીએમથી મોટાભાગે નાની રકમ ઉપાડવામાં આવે છે. ૨૦૦૦૦ રૂપિયા મોટાભાગે ગ્રાહકો માટે પુરતી રકમ છે. અમે નાની રકમ ઉપર ફ્રોડમાં કમીને લઈને પણ પ્રયાસ કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, વધારે વિડ્રોઅલ લિમિટ ઈચ્છનાર કસ્ટમર ઉંચા વેરિયેન્ટવાળા કાર્ડ મેળવી શકે છે. આવા કાર્ડ એવા કસ્ટમરોને જારી કરવામાં આવે છે જે પોતાના બેંક ખાતામાં વધારે લઘુત્તમ બેલેન્સ જાળવી રાખે છે.

## પાકિસ્તાનના હેલિકોપ્ટરને ભારતીય જવાનો તોડી પાડવાની તૈયારીમાં હતા

**બે ફાઇટર જેટ્સ દ્વારા પીછો કરાયો હતો : ભારતીય સરહદમાં હેલિકોપ્ટર દેખાયા બાદથી જવાનોએ ગ્રાઉન્ડથી તેને ટાર્ગેટ બનાવીને ગોળીબાર પણ કર્યો હતો**

નવી દિલ્હી,તા. ૧

જમ્મુ કાશ્મીરમાં રવિવારના દિવસે ભારતીય સરહદમાં ઘુસણખોરી કરનાર પાકિસ્તાની હેલિકોપ્ટરને ફુંકી મારવાની તૈયારીમાં ભારતીય જવાનો હતા. પાકિસ્તાની હેલિકોપ્ટર ટાર્ગેટથી સહેજમાં બચી ગયુ હતુ. આની સાથે જ પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરના વડાપ્રધાન રજા ફારૂક હેદરનો સહેજમાં બચાવ થયો હતો. ડિફેન્સ સુત્રોએ કહ્યુ છે કે પાકિસ્તાની હેલિકોપ્ટર આશરે બેથી ત્રણ મિનિટ સુધી ભારતીય હવાઈ સરહદમાં રહ્યો હતો. ભારતીય સુરક્ષા જવાનોએ હેલિકોપ્ટરને ટાર્ગેટ બનાવીને જમીનથી ગોળીબાર કર્યો હતો. ત્યારબાદ તેને ઘેરી લેવા માટે હવાઈ દળના બે ફાઈટર જેટને પણ ઉતાવળમાં રવાના કરવામાં આવ્યા હતા.આ પાકિસ્તાની હેલિકોપ્ટર થોડાક મિનિટ સુધી ભારતીય સરહદમાં રહ્યુ હતુ. ભારતીય એરસ્પેશમાં પાકિસ્તાનના અતિક્રમણના કારણે ફરી એકવાર તંગદિલી ઉભી થઇ ગઇ છે. ગઈકાલે બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ હેલિકોપ્ટર ભારતની

● અનુસંધાન પાન-૭ પર


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓગસ્ટ થી દિવાળી કપલ/ફેમીલી/LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે.કેરાલા મુન્નાર-થેકડી | દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ | સિમલા મનાલી-ડેલ-અમૃત
કુર્ગ-કબિની વાયનાડ-હસન | ભુતાન પારો-થિમ્પુ-પુનાખા | નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા,સ્ટેડીયમ સર્કલ સી.જી.રોડ ,અમદાવાદ
26562322/24/25
M.:9427455274/9724303375/9898023955

સ્પે. દિવાળી ડીસ્કાઉન્ટ Air પેકેજ
અમદાવાદ થી જતા-આવતા એર ટીકીટ,સ્ટાર હોટલ,બ્રેક ફાસ્ટ-ડીનર
કોડાઈકેનાલ ઉટી-કુર્ગ-મૈસુર By Air 32500
મદ્રાસ-તિરૂપતી રામેશ્વરમ્-મદુરાઈ By Air 36500
રામેશ્વરમ કન્યાકુમારી-મદુરાઈ By Air 34500
કેરાલા મુન્નાર-થેકડી-ક.કુમારી By Air 32500
સિમલા મનાલી-ચંદીગઢ By Air 24500
નૈનિતાલ કોર્બેટ-હરિદ્વાર-મસુરી By Air 29500
શિવ ટ્રાવેલ્સ સી.જી.રોડ અમદાવાદ 93746 31852 76006 55134

સ્વસ્તિક વાસ્તુ અગરબત્તી કપુર, ગુગળથી બનાવેલ અને પિરામીડ થેરાપીથી ચાર્જ કરેલ
સ્વસ્તિક વાસ્તુ અગરબત્તી કરવાથી
ઘરના સભ્યોનો સ્વભાવ શાંત રહે છે
ઘરમાં વાયરસ ખતમ કરે છે. પરિણામે ઘરનાં સભ્યોની હેલ્થ સારી રહે છે
નેગેટીવ એનર્જી ખતમ થાય છે
ઘરનું વાતાવરણ પોઝીટીવ બને છે
જ્યાં પોઝીટીવ વાતાવરણ હોય ત્યાં લક્ષ્મીજી પ્રવેશે છે
મોબાઈલ, TV, કોમ્પ્યુટરના રેડિયેશન ને ખતમ કરે છે
First Time In India
જૈન શાસ્ત્રોક્ત પ્રમાણે અને લેબોરેટરી માં ટેસ્ટ કરેલ પિરામીડ થેરાપીથી ચાર્જ કરેલ વાસક્ષેપ
વેપારી પુછપરછ આવકાર્ય
વાસ્તુશાસ્ત્રમાં GEO Engineers Master Degree મેળવનાર
Hemal Shah - M. 7433807008
Jigar Shah - M. 7016699503
સ્વસ્તિક વાસ્તુ ૫૦/બી, પાંચમો માળ, શ્રી ક્રિષ્ના સેન્ટર, પાસપોર્ટ ઓફિસ બાજુમાં, નવરંગપુરા
સાબરમતી : ભક્તિ પુજાપો ૧૨,૧૩ અરીહંત કોમ્પલેક્ષ, રામજી મંદિર પાસે,રામનગર
થલતેજ : સાંઈનાથ ધૂપ ભંડાર સાંઈધામ મંદિર, દૂરદર્શન સામે, ડ્રાઈવ-ઈન રોડ
કાલુપુર : જીગર શાહ ૭૮૭, રામજી મંદિર પોળ,હાજા પટેલની પોળ
ઈસનપુર : રાજા ન્યુઝપેપર & સીઝનેબલ ઈસનપુર બસ સ્ટેન્ડ પાસે
મેમનગર : જય મહાકાળી શ્રીફળ ભંડાર દિપક અગરબત્તી, માનવ મંદિર મેઈન ગેટ, જમણી બાજુ, R-3, મોલની સામે,
નવાવાડજ : સુરતિ ધૂપ પૂજાપા ભંડાર-જી-૧૫, શ્રી રત્ન કોમ્પલેક્ષ, કૃષ્ણનગર બસસ્ટેન્ડ પાસે
મણીનગર : માં શક્તિ સ્ટોર્સ હેન્ડી ક્રાફ્ટ સી/૧૩,૧૪ સીંધી માર્કેટ
ભુયંગદેવ : શિવ મહિમા પૂજાપા ભંડાર જી-૩ મહર્ષિ કોમ્પલેક્ષ, સીપી નગર, ગાયત્રી ડેરીની બાજુમાં
ઘાટલોડિયા : જય ફ્લાવર્સ હાઉસ જી-૧૩/૧૪ શ્રીજી કોમ્પલેક્ષ, બ્રહ્માણી માતાના મંદિર સામે
ખોખરા : શ્રી બાલાજી A to Z પૂજાપા- ૧૦૦/૭૭૭ GHB હાટકેશ્વર મહાદેવ સર્કલ
ગાંધીનગર દરબાર પુજાપા સ્ટોર કેબિન નં. ૧૫૦, વેજીટેબલ માર્કેટની અંદર, સેક્ટર-૨૧
શ્રી બ્રહ્માણી પુજાપો : શ્રીનગર સોસાયટી, અંબાજી ચોક,અંબાજી મંદિર પાછળ, સેક્ટર-૨૪, ગાંધીનગર
શ્રી હરિ પુજાપા સ્ટોર્સ - દુ. નં. ૧૦ રાધે સિગ્નેચર કોમ્પલેક્ષ, સહજાનંદ સીટીની સામે, રાધે હોસ્પિટલની નીચે, કુડાસણ